# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૭૮</u>
## <u>તારીખ. ૧૬–૦૯–૨૦૧૬</u>

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા પાણીયારી રોડ માદળા ગેસ્ટ હાઉસ શોપીગ સેન્ટરમાં આવેલ દુકાન નંબર. ૨૮ જેનો મ્યુની. બ્લોક નંબર. બ.૦૦૯૨ / એ.૨૨ વાળી હાલમાં (૧) મોહંમદસાદી ગુલામરસુલ શેખ રહેવાસી અકબરપુર, મુ. ખંભાત તા. ખંભાત જી. આણંદના નામે ચાલે છે સદર દુકાન તેઓ (૧) રામ અવતાર ગોપાલસીંહ પરમાર રહેવાસી માદળા તળાવ, અખાડા મુ. ખંભાત તા. ખંભાત જી.આંણદના નામે ટ્રાન્સફર કરવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ જેનો જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૫૩ તારીખ.૩૦–૦૧–૨૦૧૪ ની પોલીસી મુજબ દુકાનમાં નામ કમી કરવાની ફી રૂપીયા.૨૫,૦૦૦/– તથા માસીક લાયસંસ ફી માં ૨૫ (પચ્ચીસ) ટકા પ્રમાણે થતો વધારો ભરવાની શરતે દુકાન (૧) રામ અવતાર ગોપાલસીહ પરમાર રહેવાસી માદળા તળાવ, અખાડા, મુ.ખંભાત તા. ખંભાત જી. આણંદ ના નામે નીચેની શરતોને આધીન ટ્રાન્સફર કરવા મંજુર.

### <u>શ ર તો</u>

(૧) સદર દુકાનો માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

(૨) સદર દુકાનનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી(૧)તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર દુકાનનું માસિક લાયસંસ ફી રૂપીયા.<u>૫૦૦/– અંકે રૂપીયા પાંચસો પુરા</u> પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબના ના આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

(૫) દુકાન ભાડે રાખનાર ઈસમ દુકાન પેટા ભાડવાતને આપી શકશે નહી અગરતો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંઘન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય દુકાન બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને પેટા ભાગીદાર તરીકે મ્યુની.ની લેખીત સંમતી સિવાય રાખવામાં આવશે તો મ્યુની. તે દુકાન ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડવાતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

(૬) સદર દુકાન રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખથી (૧૮) અઢારમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ

ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે

(૭) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે અને ૦૯ (નવ) વર્ષ પુર્ણ થયા પહેલા જે તે દુકાનદારે લાયસંસ રીન્યુ કરવા અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તેમુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી દુકાનનો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

(૮) સદર દુકાન હરાજીથી આપેલ દુકાન નવ (૦૯) વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકા માલીકીનો રહેશે અને દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજાનો રહેશે.

(૧૦) લાયસંસદાર ભવિષ્યમાં દુકાન ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/– તથા જે દુકાનની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/– કરતાં વધારે થતી હોય તે દુકાનની ટ્રાન્સફર ફી રૂા. ૫૦,૦૦૦/– તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (પચ્ચીસ) ટકાનો વધારો થશે તથા વારસાઈથી દુકાનમાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/–પાંચ હજાર પુરા તથા દુકાનમાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/– આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે – ભોગવવાનો રહેશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા – દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

(૧૨) હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા પડે અગર ફેરફારથી વધે તેવા તમામ પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

(૧૩) દુકાનની અંદર સમાજ વિરૂધ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ પ્રવૃત્તિ સમાજ વિરૂધ્ધ છે કે નહી તે અંગે મ્યુની. નો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૪) દુકાન લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી દુકાન લાયસંસ ફી થી લેવાની છે અને ધારણ કરવાની છે.

(૧૫) સદર લાયસંસ ફી થી આપેલ દુકાનમાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી

શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસંસદાર જવાબદાર રહેશે. તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૬) લાયસંસનો કરાર કરાવવાનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, લખામણી ફી વિગેરે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

(૧૭) ગુજરાત નગરપાલિકા અધિનિમય ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

(૧૮) આ દુકાનમાં હોટેલ, વીશી ભટ્ટીઓનો વેપાર તથા સગડી વિગેરે વાપરી તેઓ કોઈ ધંધો મ્યુનીસીપાલીટીની સંમતી સિવાય લાયસન્સફી થી રાખનાર કરી શકશે નહીં.

(૧૯) નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય દુકાનમાં રીપેરીંગકામ, રંગકામ, સુધારો-વધારો કરી શકાશે નહીં અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસ–દારે પોતાને ભોગવવાનો રહેશે. અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

(૨૦) દુકાન લાયસંસ ફી થી રાખનાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદારો પૈકી જે કોઈ ભાગીદાર ધંધો છોડી દે અથવા ભાગીદાર જાય ત્યારે બાકી રહેતા ભાગીદારો પાસે આ દુકાન બાકી મુદત માટે રહેવા દેવામાં આવશે. પરંતુ આવા પ્રસંગે તેઓએ નવેસરથી નીયમ મુજબનો કરાર તેમના ખર્ચે કરી આપવાનો રહેશે અને તે કરાર ન કરે ત્યાં સુધીની જવાબદારી તમામ ભાગીદારો અથવા તો પૈકીના કોઈ ઈસમની રહેશે

(૨૧) દુકાન લાયસંસફી થી રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુની. એ ઠરાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું ભંગ કરે તો મ્યુની. દુકાનનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

(૨૨) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૬ તારીખ.૧૭–૦૫–૨૦૦૦ ના રોજ કરેલ શરતોમાં આ શરતમાં ન આવતી તમામ શરતો લાગુ પડશે તે મુજબ બીજી તરફવાળાએ અમલ કરવાનો રહેશે.

(૨૩) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૪૧તારીખ.૧૯–૦૧–૨૦૧૬ ના રોજ કરેલ શરતોમાં આ શરતોમાં ન આવતી તમામ શરતો અને વિગતો લાગુ પડશે.

(૨૪) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે.

(૨૫) સદર દુકાનમાં બીજી તરફવાળાથી સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિ. ભરી શકાશે નહી તેમજ ધંધો કરી શકાશે નહી તેમ કરો પણ દુકાનને કાંઈપણ નુકશાન કરવામાં આવશે તો તેની નુકશાનીના નાણાં એક તરફવાળાને ભરપાઈ કરવા માટે

બીજી તરફવાળા જવાબદાર રહેશે.

(૨૬) સદરુહ મીલકતનો કબજો મ્યુની. ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુની. એકટ ધારાની રૂઈએ લેવા મ્યુની. ને હકક છે.

(૨૭) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

(૨૮) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૯) ઉપરની શરતો પૈકીની કોઈપણ શરતનું અમો બીજી તરફવાળા ભંગ કરીએ તો તેવે પ્રસંગે એક તરફ વાળા અમો બીજી તરફવાળાએ લાયસંસ ફી થી રાખેલી મીલકતનો કબજો કાયદા મુજબ મ્યુનીસીપાલીટી ના ધારાધોરણ મુજબ કબજો લેવા એક તરફ– વાળાને અધિકાર છે અને તે અંગે થતાં તમામ ખર્ચ અમો બીજી તરફવાળા એક તરફ વાળાને વસુલ આપવા જવાબદાર છીએ પરંતુ તે પ્રસંગે મ્યુનીસીપાલટી એ તેની લેણી રકમ કાપી બાકી રહેતી ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૭૯

## તારીખ. ૧૬–૦૯–૨૦૧૬

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા સેનીટેશન વિભાગમાં ઘણા સમયથી સફાઈ કામદારોની ઘટ ચાલતી હોય તે ઘટની ભરપાઈ કરવાના કામે સોલીડ વેસ્ટની કામગીરી – સફાઈ કામગીરી ડ્રેનેજ લાઈનની અગત્યની કામગીરી ગટર પંપ ચલાવવા વગેરે કામે દર ત્રણ (૩) માસે રોજીંદા ઉચ્ચક પગારથી જરૂરી સફાઈ કામદારો લેવામાં આવે છે જેઓને અગાઉ મળેલ મંજુરી મુજબ સમય મર્યાદાની મુદત ૩૦–૦૯–૨૦૧૬ના રોજ પુર્ણ થતી હોવાથી ફરીથી ત્રણ (૩) માસ માટે તારીખ.૦૧/૧૦/૨૦૧૬ થી તારીખ.૩૧/૧૨/૨૦૧૬ સુધી માટે આ સાથેની યાદી મુજબના ૧૬૮ સફાઈ કામદારો રોજીંદા પગારથી દૈનીક – રૂપીયા.૧૭૦/–અંકે રૂપીયા એકસો સીતેર પુરા મુજબથી રાખવા જે કામનો થતો ખર્ચ મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાંતા છુટા કરવાના રહેશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૮૦

## તારીખ. ૧૬–૦૯–૨૦૧૬

ઉપરોકત રીપોર્ટ વિગત વંચાણમાં લેતા સેનીટેશન વિભાગમાં સફાઈની દેખરેખ રાખવા અને ગટર ગામના સંપરવીઝન કામે તેમજ રાત્રી દરમ્યાન સફાઈ કામ સુપરવીઝન માટે સ્ટાફની જરૂરીયાત હોઈ જેઓ ઘણા સમયથી કામગીરી કરે છે માટે જેઓને નિયમિત કામગીરીને કારણે જાહેર રસ્તાઓ અને ગટરની ફરીયાદો નહીવત છે જેઓને અગાઉ મળેલ મંજુરી મુજબ સમય મર્યાદાની મુદત ૩૦–૦૯–૨૦૧૬ના રોજ પુર્ણ થતી હોવાથી ફરીથી ત્રણ (૩) માસ માટે તારીખ.૦૧–૧૦–૨૦૧૬ થી તારીખ.૩૧–૧૨–૨૦૧૬ સુધી માટે રાખવા થતો ખર્ચ મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાય તો છુટા કરવાના રહેશે.

| અનુ.નં. | નામ | સમય | પગાર (રૂા.) |
|---|---|---|---|
| ૧ | શ્રી અર્પણ એ દરબાર | ૩ માસ | માસીક રૂા. ૪૬૫૦/– |
| ૨ | શ્રી કમલેશભાઈ એમ. રબારી | ૩ માસ | માસીક રૂા. ૪૨૫૦/– |
| ૩ | શ્રી જગદીશભાઈ જી. વણકર | ૩ માસ | માસીક રૂા. ૪૪૫૦/– |

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૮૧

## તારીખ. ૧૬–૦૯–૨૦૧૬

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ ગાંધીનગર ધ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન ૨૦૧૪–૧૯ હેઠળ શહેરની અંદર સોલીટ વેસ્ટની કામગીરી કામે / સફાઈ કામે જે.સી.બી. મશીન ખંભાત નગરપાલિકા ખાતે મળેલ છે જેને ચલાવવા ઓપરેટરની જરૂરીયાત હોઈ શ્રી રાજુભાઈ જીલુભાઈ પરમારને અગાઉ મળેલ મંજુરી મુજબ સમય મર્યાદાની મુદત ૩૦–૦૯–૨૦૧૬ના રોજ પુર્ણ થતી હોવાથી ફરીથી ત્રણ (૩) માસ માટે તારીખ.૦૧–૧૦–૨૦૧૬ થી તારીખ.૩૧–૧૨–૨૦૧૬ સુધી માટે પ્રતિ માસ રૂા.૭૫૦૦/– (ઉચ્ચક) પગારથી રાખવા મંજુર અને જરૂર ન જણાય તો છુટા કરવાના રહેશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

# ખંભાત નગરપાલિકા ખંભાત

## એકઝી.કમીટી ઠરાવ નંબર – ૨૮૨

## તારીખ – ૧૬–૦૯–૨૦૧૬

આથી ઠરાવ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ કર્મચારીઓ વય મર્યાદા કારણે નિવૃત થયેલ છે,જેમના ગ્રેજયુઈટી અને હકકરજા બીલ ખંભાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ તળેના મંજુર થયેલ નિયમો પ્રકરણ–૧૮ ના નિયમઃ–૧,૨ અને ૪ ના પેટા નિયમો મુજબ બનાવવા આવેલ છે.જે સાથે સામેલ મુજબના બીલો મંજુર કરવા માં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | કમુબેન ધનજીભાઈ હરીજન | ગ્રેજયુઈટી | ૧૯૨૩૭૫.૦૦ |
| ૨ | કમુબેન ધનજીભાઈ હરીજન | હકકરજા | ૪૪૨૦૬.૦૦ |
| ૩ | ભાનુબેન પ્રતાપભાઈ હરીજન | ગ્રેજયુઈટી | ૧૯૨૩૭૫.૦૦ |
| ૪ | ભાનુબેન પ્રતાપભાઈ હરીજન | હકકરજા | ૧૩૪૭૫૭.૦૦ |
| | | | ૫૬૩૭૧૩.૦૦ |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ ગ્રેજયુઈટી બીલ તથા હકકરજા પગાર ના રૂા.૧૭,૨૬,૪૮૫/–અંકે સતરલાખ છવ્વીસહજાર ચારસો પચીયાસી પુરાનો ખર્ચ ચુકવણી માટે મંજુર કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૮૩</u>

## <u>તારીખ. ૧૬–૦૯–૨૦૧૬</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફીસર સાહેબ ની ભલામણ વંચાણે લેતા એકાઉન્ટ વિભાગમાં પટાવાળા ડાહયાભાઈ સોમાભાઈ રાણા ઉચ્ચક ૩૬૦૦/– માસીક વેતનથી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૮૬ / તારીખ. ૦૧–૦૭–૨૦૧૬ થી ત્રણ માસની મુદત માટે ઠરાવ કરવામાં આવેલ જેની મુદત તારીખ.૩૦–૦૯–૨૦૧૬ના રોજ પુર્ણ થતી હોવાથી સદર કર્મચારી ડાહયાભાઈ સોમાભાઈ રાણા ને રૂપીયા.૩૬૦૦/– માસીક વેતનથી ફરીવાર તારીખ.૦૧–૧૦–૨૦૧૬ થી તારીખ. ૩૧–૧૨–૨૦૧૬ સુધી પુનઃત્રણ માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાંતા છુટા કરવામાં આવશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર..૨૮૪

## તારીખ. ૧૬–૦૯–૨૦૧૬

ઉપરોકત રીપોર્ટ ની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકામાં નગરપાલિકા ની આરટીઆઈ તેમજ હેડકલાર્કની મદદમાં તેમજ તેને લગતી તમામ કામગીરી કરવા નગરપાલિકાના નિવૃત્ત કર્મચારીશ્રી મહેન્દ્રકુમાર એ.પટેલને હાલમાં તેઓ જે કામગીરી કરે છે તે તમામ કલાર્ક તરીકેની કામગીરી કરવા માટે અગાઉ ના વર્ષોમાં જે કામ કરી ચુકેલા છે તેઓને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૦ તારીખ.૦૧–૦૭–૨૦૧૬ થી તેઓને તારીખ.૦૧–૦૭–૨૦૧૬ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૬ સુધી ઠરાવ કરવામાં આવેલ જેમાં તેઓને તારીખ.૦૧–૧૦–૨૦૧૬ થી તારીખ.૩૧–૧૨–૨૦૧૬ સુધી સદર કર્મચારીને રોજના રૂપીયા.૨૦૦/– અંકે રૂપીયા બસો પુરાથી રાખવા ઠરાવવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા,ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર..૨૮૫

## તારીખ. ૧૬–૦૯–૨૦૧૬

જીલ્લા આયોજન વિકેન્દ્રી સને ૨૦૧૪–૧૫ હેઠળ મળવપાત્ર ગ્રાન્ટની સામે ખંભાત નગરપાલિકાએ વોટર વર્કસના ટરબાઈન પંપીગ મશીનરી તથા અન્ય એસેસરીઝની દરખાસ્ત કરેલ આ બાબતે જનરલ બોર્ડ ઠરાવ ન.૪૧ / તા. ૩૧/૦૭/૨૦૧૪ થી જરૂરી ઠરાવ કરેલ આ અંગે ત્યાર બાદ ટરબાઈન પંમ્પીંગ મશીનરી સહેલાઈથી ઉપલબ્ધ ના હોય જેથી આ અંગે ફેરફારનો ઠરાવ કારોબારી સમીતી ઠરાવ નં ૩૦૦ તા.૧૯.૧૦.૧૫ થી ફેરફારનો ઠરાવ કરેલ આ બાબતે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત સાદર કરેલ જે અંગે તેઓશ્રી તરફથી જરૂરી ભાવપત્રકો મોકલવા જણાવેલ આ બાબતે કારોબારી સમીતી ઠરાવ નં –૩૬૮ તા.૨૪/૦૨/૧૬ તી નકિક થયા મુજ નયા પડકાર તથા સંદેશ દૈનીક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરી ઓનલાઈન ભાવપત્રક N-CODE SOLUTION મારફતે ટેન્ડર મંગાવવામાં આવેલ આ બાબતે ઓનલાઈન ભાવપત્રક સબમીટ કરવાની તા.૩૧/૦૩/૨૦૧૬ રાખેલ જયારે ફીઝીકલ ભાવપત્રક રજૂ કરવાની તા.૦૪/૦૬/૧૬ રાખેલ આ અંગે નીયત સમય મર્યાદામાં છ ભાવપત્રકો આવેલ આ બાબતે ટેન્ડરની અંદાજીત કિંમત રૂા.૩૦,૨૦,૦૦૦/– હતી આ અંગે આવેલ તમામ ભાવપત્રકોના પ્રાઈસ બીડ ઓપન કરી તુલનાત્મક પત્રક બનાવવા શ્રી ઉમીયા એકવા એન્જી નો ભાવ અંદાજીત રકમ રૂા.૩૦,૨૦,૦૦૦/– થી ૯.૩૬% ઓછા પ્રમાણે સૌથી ઓછા આવેલ છે જે ભાવપત્રકો મંજુર કરવામાં આવે છે. આ બાબતે આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા,ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર...૨૮૭</u>

## <u>તારીખ. ૧૬–૦૯–૨૦૧૬</u>

પાણીયારી અંબામાતાના મંદીર પાસે કંસારવાડ રંગરેજની આમલી સત્યનારાયણ ભાટવાડા વિસ્તારનો કંટ્રોલ વાલ મુખ્ય લાઈન ઉપર છે. સદર વાલ્વની નટ ગેલનનું ચપલુ તથા રોડના ચીપીયા વાલ્વ ઓપરેટ થતો ન હોવાથી રીપેરીંગ કરવાની તાત્કાલીક જરૂરીયાત ને આધીન સદર મશીનરી મહાલક્ષ્મી એન્જીનીયરીંગ મારફતે કરાવવા તથા તે અંગેનો રૂા.૨૦૦૦/– નો ખર્ચ કરવા મંજુર.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા,ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

# ખંભાત નગરપાલિકા ખંભાત

## એકઝી.કમીટી ઠરાવ નંબર – ૨૮૮

## તારીખ – ૧૬–૦૯–૨૦૧૬

આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફીસરશ્રી ની ભલામણ ધ્યાને લેતા નીચે દર્શાવેલ કર્મચારીઓની તેમના પી.એફ.ખાતા માં જમા થયેલ રકમ માથી પી.એફ.લોન ની માંગણી કરેલ હોવાથી પી.એફ.લોન આપવા તેઓના નામની સામે દર્શાવેલ રકમ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | ભીખાભાઈ ફુલાભાઈ રબારી | પી.એફ.લોન | ૨૦૦૦૦૦.૦૦ |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ પી.એફ.લોન ની રકમ પી.એફ.ખર્ચ ખાતે પાડી ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રભાઈ રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી